# ગુજરાતી / GUJARATI

## પેપર I / Paper I

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>*Time Allowed :* ***Three Hours*** | મહત્તમ ગુણ : **250**<br>*Maximum Marks :* **250** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો એક પ્રશ્ન પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are* ***EIGHT*** *questions divided in* ***TWO SECTIONS****.*

*Candidate has to attempt* ***FIVE*** *questions in all.*

*Question nos.* ***1*** *and* ***5*** *are compulsory and out of the remaining, any* ***THREE*** *are to be attempted choosing at least* ***ONE*** *question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)****.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1.** આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો : *10×5=50*

(a) ગુજરાતી ભાષાના ઉદ્ભવની પહેલી ભૂમિકાનો વિસ્તૃત પરિચય કરાવો. *10*

(b) ચરોતરી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવી તેનાં પાંચ દૃષ્ટાંતો આપો. *10*

(c) જૈન સાહિત્યમાં જોવા મળતી રામકથાની સમૃદ્ધ પરંપરા તપાસી ‘સીતારામચોપાઈ’નો પરિચય આપો. *10*

(d) નરસિંહ મહેતાની કવિતામાં અદ્વૈતાનુભૂતિનું આલેખન કેવી રીતે થયું છે તેનું આકલન કરો. *10*

(e) ગુજરાતી ગઝલ ક્ષેત્રે બાલાશંકર કંથારિયાના પ્રદાનને મૂલવો. *10*

**Q2.** સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) અખાની કાવ્યસૃષ્ટિમાં નિર્ગુણ ભાવનો ઉદ્ઘોષ કેવી રીતે થયો છે તે વિશે સાધાર ચર્ચા કરો. *20*

(b) સુધારકયુગના ગદ્યલેખકોમાંથી કોઈપણ બે ગદ્યલેખકો વિશે પરિચયાત્મક નોંધ લખો. *20*

(c) ગુજરાતી નાટ્યક્ષેત્રે મણિલાલ નભુભાઈના પ્રદાનને મૂલવો. *10*

**Q3.** સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) ગુજરાતી ભાષાની ધ્વનિવ્યવસ્થા અને તેના લાક્ષણિકતાઓની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(b) ઝવેરચંદ મેઘાણીના સાહિત્યિક પ્રદાનની સાધાર ચર્ચા કરો. *20*

(c) ગુલાબદાસ બ્રોકરની વાર્તાકળાનું મૂલ્યાંકન કરો. *10*

**Q4.** સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) ચિનુ મોદીના નાટ્યપ્રયોગો વિશે સમીક્ષાત્મક નોંધ લખો. *20*

(b) ગાંધીયુગીન ભાવનાઓનો પડઘો રમણલાલ વ. દેસાઈની નવલકથાઓમાં કેવી રીતે ઝીલાયો છે તે દર્શાવો. *20*

(c) પ્રિયકાન્ત મણિયાર અને નલિન રાવળની કાવ્યસૃષ્ટિમાં આલેખાયેલી સૌંદર્યલક્ષિતાનો આલેખ આપો. *10*

## SECTION B

**Q5.** આશરે 150 શબ્દોમાં ઉત્તરો આપો : *10×5=50*

(a) પદનું સ્વરૂપ સ્પષ્ટ કરી એની વિશેષતાઓ દૃષ્ટાંત સહિત સમજાવો. *10*

(b) આખ્યાનકાર પ્રેમાનંદની રસનિરુપણકળાનો સદૃષ્ટાંત પરિચય કરાવો. *10*

(c) શામળકૃત 'સિંહાસનબત્રીશી'માં જોવા મળતાં પદ્યવાર્તાનાં લક્ષણો દર્શાવો. *10*

(d) દર્શકકૃત 'દીપનિર્વાણ' નવલકથાનું રસકીય મૂલ્યાંકન કરો. *10*

(e) સુરેશ જોષીની વાર્તાકળાની વિશેષતાઓ દર્શાવો. *10*

**Q6.** સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) ટૂંકી વાર્તાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ સમજાવીને, નવલકથા અને ટૂંકી વાર્તા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો. *20*

(b) જયંતિ દલાલનાં એકાંકીઓનું વિશ્લેષણ કરો. *20*

(c) ધીરુબહેન પટેલની નવલકથાકલાની વિશેષતા દર્શાવો. *10*

**Q7.** સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) લોકસાહિત્યસંશોધક હસુ યાજ્ઞિકનાં પ્રદાનને મૂલવો. *20*

(b) 'રેવંતગિરિરાસુ'માં રાસ સ્વરૂપનાં લક્ષણવિશેષો કયાં કયાં જોવા મળે છે તેની સમીક્ષા કરો. *20*

(c) 'ઝંડા ઝૂલણ' અને 'મિયાં જૂઠણ' – આ બે ભવાઈવેશની સંરચના સમજાવો. *10*

**Q8.** સમીક્ષાત્મક ઉત્તરો આપો :

(a) લલિત નિબંધ ક્ષેત્રે દિગીશ મહેતા અને પ્રવીણ દરજીનાં પ્રદાનને મૂલવો. *20*

(b) સૈદ્ધાન્તિક વિવેચનક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારા ચાર વિવેચકોની વિવેચનવિચારણનો પરિચય કરાવો. *20*

(c) કનુભાઈ જાની અને ઝવેરચંદ મેઘાણીની 'લોકવિદ્યા'ની વિભાવના સ્પષ્ટ કરો. *10*